ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| નવસારી | ૩૧.૦° સે. | ૨૫.૦° સે. |
| આહવા | ૩૧.૦° સે. | ૨૩.૦° સે. |
| વલસાડ | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |
| વાપી | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |




## પારડીની પ્લાસ્ટિક ફેબ્રિકેટર ફેક્ટરીમાં આગ લાગી


અમૃત પટેલ

પારડી : પારડીની 'પ્લાસ્ટિક ફેબ્રિકેટર અને એફઆરપી મોલ્ડર, ટ્રેડર'નામની ફેક્ટરીમાં રવિવારે અચાનક આગ લાગી હતી. પ્લાસ્ટિક અને એફઆરપીનો જથ્થો હોવાથી આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા ઊડતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પારડી નગરપાલિકાની ફાયર ફાઇટરની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. આગની ગંભીરતાને ધ્યાને રાખીને ત્યારબાદ અતુલ અને વલસાડથી ફાયર બ્રિગેડની ટીમોને જાણ થતા તાત્કાલિક આવી પહોંચી હતી. ફાયર ફાઇટરોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

### અનંત ચૌદશના મુખ્ય વિસર્જન પહેલા તંત્ર વ્યવસ્થા સુધારે તેવી માંગ

# વલસાડમાં વિસર્જન દરમિયાન તંત્રની લાલિયાવાડી

**ઔરંગા** નદી કિનારે કીચડમાં ટ્રેક્ટરો ફસાતા સ્થાનિકોમાં આક્રોશ

**કૈલાશ** રોડ જેટી પર યોગ્ય રસ્તા અને લાઈટિંગના અભાવે મંડળો ભારે મુશ્કેલીમાં



વલસાડ : ગણેશ વિસર્જન દરમિયાન વલસાડના કૈલાશ રોડ સ્થિત ઔરંગા નદી કિનારે (જેટી ખાતે) તંત્રની બેદરકારી સામે આવી છે. સ્થાનિક રહેવાસી ગૌરાંગ મિસ્ત્રી અને કૈલાશ યુવક મંડળના સભ્યોએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વિસર્જન ઘાટ પર યોગ્ય રસ્તો અને લાઈટિંગની પૂરતી વ્યવસ્થા ન હોવાથી ગણેશજીના વિસર્જન માટે આવેલા મંડળો ભારે મુશ્કેલીમાં મુકાયા હતાં. કૈલાશ યુવક મંડળનું ટ્રેક્ટર કિચડમાં ફસાઈ જતાં અંદાજે ૨ થી ૩ કલાક સુધી અટવાઈ પડ્યું હતું. તેને બહાર કાઢવાના પ્રયાસમાં અન્ય ત્રણ ટ્રેક્ટરો અને ક્રેન (હાઇડ્રા) જેવાં વાહનો પણ ફસાઈ ગયાં હતાં. અંતે સ્થાનિકો તથા ભરવાડ સમાજના લોકોની મદદથી હાઇડ્રા અને જેસીબી મંગાવી ભારે જહેમત બાદ ટ્રેક્ટર બહાર કાઢવામાં આવ્યું હતું. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, પારડી, સાંઢપોર, કૈલાશરોડ, મોગરાવાડી, ધમડાચી, ગુંદલાવ, પીરૂ ફળિયા સહિતના અનેક ગામોના ગણેશ વિસર્જન અહીં થાય છે. તેમ છતાં તંત્ર દ્વારા માત્ર ઉપરછલ્લી કામગીરી કરીને બે-ચાર હેલોજન લાઇટ અને નામના રસ્તા બનાવી દેવાયા છે, પણ વિસર્જન માટે અંદર જવાનો રસ્તો યોગ્ય બનાવવામાં આવ્યો નથી.

અનંત ચૌદશનું મુખ્ય વિસર્જન હજુ બાકી છે, ત્યારે તંત્ર વહેલી તકે જાગીને કૈલાશ રોડ ઔરંગા જેટીની યોગ્ય મરામત કરે, પથ્થર નાખીને પાકો રસ્તો બનાવે અને યોગ્ય સુવિધાઓ પૂરી પાડે તેવી કૈલાશ રોડના સ્થાનિકો અને મંડળો દ્વારા હાથ જોડીને અપીલ કરવામાં આવી છે.

# ડુંગરાના સરકારી દવાખાનામાંથી સાધનો ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

**ગ્રીલની** કડી તોડી કમ્પ્યુટર, પ્રિન્ટર, માઈક્રોસ્કોપ અને ટીવી સહિતની મત્તા ચોરી કરી હતી



વાપી : વાપી ડુંગરામાં તસ્કરોએ સરકારી દવાખાનાને નિશાનો બનાવી કોઈક સાધન વડે ગ્રીલની કડી તોડી કમ્પ્યુટર, પ્રિન્ટર, સીપીયુ, રાઉટર, બેટરી, ટીવી અને માઈક્રોસ્કોપ સહિતના રૂપિયા 49500ની કિંમતના સાધનોની ચોરી કરી જનાર ડુંગરાના જ ત્રણ ઈસમોને ઈલેક્ટ્રોનિક સાધનો સાથે પોલીસે ઝડપી પાડ્યા છે.

મૂળ પાટણના અને હાલ ચલા પ્રમુખગ્રીન સોસાયટીમાં રહેતા અર્થ્વીબેન કીર્તિકુમાર પટેલ (ઉં. ૨૬) વાપી ડુંગરા યુસુફનગર મરોઠીયા સ્કૂલની આગળ આવેલા સરકારી યુ.પી.એચ.સી. દવાખાનામાં ફરજ બજાવે છે. ગતરોજ તસ્કરોએ દવાખાનાના દરવાજાની ગ્રીલની કડી તોડી કમ્પ્યુટર, સીપીયુ, પ્રિન્ટર, વાઈફાઈ રાઉટર, પાવર બેટરી, મોનિટર, ઓક્સિજન કોન્સન્ટ્રેટર, માઈક્રોસ્કોપ અને ટીવી સહિતનો સામાન ચોરી કર્યો હતો.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તથા વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેની સૂચનાના આધારે ડુંગરા પી.આઈ. બી.એન. ગોહિલના નેતૃત્વમાં ટીમ બનાવી ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી.

જે અંતર્ગત ચોરી કરનાર (૧) અરબાજ ઉર્ફે પરચા જાકીર ખલીફા (રહે. ડુંગરા), (૨) કરીમ સલીમ મનિહાર (રહે. લેવિસ ગાર્ડન સોસાયટી, ડુંગરા) અને (૩) સલમાન સૈદુલ્લા ચૌધરી (રહે. મુસા રેસીડેન્સી, ડુંગરા, મૂળ ઉત્તર પ્રદેશ) ની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરેલ માઈક્રોસ્કોપ, મોનિટર, સીપીયુ, પ્રિન્ટર, રાઉટર, પાવર બેટરી, ટીવી, ઓક્સિજન કોન્સન્ટ્રેટર, સ્ટેબિલાઈઝર તેમજ ગુનામાં વપરાયેલ મોપેડ અને ત્રણ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જમીન સોદામાં વિમલ પટેલ વિરુદ્ધ વાપીમાં પણ ગુનો નોંધાયો

**પારડી** પોલીસ મથકમાં વિમલ સામે પાંચ ગુનાઓ નોંધાયા હતા

વાપી : વાપી અને વલસાડ પંથકમાં જમીન સોદાની છેતરપિંડીના કિસ્સા વધ્યા છે. પારડી પોલીસ મથકે વિમલભાઈ પટેલ સામે પાંચ ફરિયાદો બાદ, હવે વાપી ટાઉન પોલીસ મથકે વધુ એક ગંભીર ગુનો નોંધાયો છે.

વાપીમાં લબ્ધી ઇન્ડસ્ટ્રીઝ ચલાવતા સેફાલીબેન કંસારા (ઉં.૫૨)નો પરિચય અગાઉ જમીન દલાલ પંકજ પટેલ સાથે થયો હતો. વર્ષ ૨૦૨૫માં પંકજે વલસાડ હાઇવે નજીક આવેલી ૩૮ ગુંઠા જમીનમાં રોકાણથી મોટા ફાયદાની લાલચ આપી હતી. આ વિશ્વાસમાં આવીને સેફાલીબેને ૩૩ ટકા હિસ્સા માટે રૂપિયા ૩૦ લાખનું રોકાણ કરવાનું નક્કી કર્યું હતું.

વિમલની સૂચના મુજબ સેફાલીબેને ઓનલાઈન અને રોકડા મળી કુલ રૂપિયા ૩૦ લાખ જમીન માલિકના ખાતામાં જમા કરાવ્યા હતા. જો કે, બાદમાં દસ્તાવેજ સમયે વિમલ અને પંકજે જમીન અન્યની હોવાનું કહી સોદો રદ કર્યો હતો.

રૂપિયા પરત માંગતા વિમલે ચેક આપ્યો હતો પરંતુ રકમ ચુકવાઈ ન હતી. જેથી અંતે સેફાલીબેને વિમલ પટેલ અને આદિસર બેબેકોન વિરુદ્ધ વાપી ટાઉન પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

# ઉમરગામમાં ભત્રીજાનો કાકા ઉપર હુમલો

ઉમરગામ : ઉમરગામમાં વતનમાં આવેલી જમીનની અદાવતમાં ભત્રીજાએ કાકા ઉપર લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો. ઉમરગામ ટાઉન દેવધામ ખાતે ફરિયાદી જયપ્રકાશ રાય રહે છે. વતનની જમીનની અદાવતમાં ભત્રીજા અભિનંદન અને અવિનાશ રાય (બંને રહે દેવધામ અન્સારીની ચાલીમાં) એ જયપ્રકાશને દેવધામ ચાર રસ્તા પાસે રોકી રૂમ પર કેમ આવતો નથી અને કંઈ થઈ જશે તો તારા ઘરવાળા અમને ફોન કરીને હેરાન કરશે તેમ જણાવી માર માર્યો હતો. તે દરમિયાન અવિનાશે બાજુમાં પડેલા લોખંડના સળીયાથી માથામાં મારતા જયપ્રકાશ લોહીલુહાણ હાલતમાં નીચે પડી જતા બંને ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત ફરિયાદી જયપ્રકાશને સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અને તબિયત સારી થતા આ બનાવ અંગે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધરમપુરના મંડળમાં 11 ટ્રસ્ટીઓની પસંદગી સામે નારાજગી દર્શાવાઈ

**નામ** યાદીમાંથી કમી થતાં મેહુલ આહીરની મદદનીશ ચેરીટી કમિશનર સમક્ષ ન્યાયની જાહેરાત

**ટ્રસ્ટીઓની યાદી**

» જીવાભાઇ આહીર » ધનેશભાઇ ચૌધરી » જયેશભાઇ સોલંકી » કનુભાઇ સોલંકી » ગણેશભાઇ બિરારી » ઠાકોરભાઇ આહીર » મનીષભાઇ પટેલ » જયદીપસિંહ સોલંકી » વિજયભાઇ આહીર » ધીરજસિંહ રાઠોડ » વિજયભાઇ પાનેરીયા

ધરમપુર : ધરમપુર ખાતે મહારાણા શ્રી વિજયદેવજી સાર્વજનિક કેળવણી મંડળની ખાસ સાધારણ સભા રવિવારે શ્રી એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ ખાતે ઉત્સાહ અને ચર્ચા વચ્ચે યોજાઈ હતી. સવારે ૯:૩૦ કલાકે શરૂ થયેલી આ સભામાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટીઓની મુદત પૂર્ણ થતી હોવાથી બંધારણની જોગવાઈ મુજબ નવેસરથી ટ્રસ્ટીઓની નિમણૂંક કરવા અંગેનો મુખ્ય મુદ્દો એજન્ડામાં રાખવામાં આવ્યો હતો.

સભાની શરૂઆતમાં પ્રમુખની વરણી કરવામાં આવી હતી અને ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીની નોંધ વંચાણે લઈ બહાલ રાખવામાં આવી હતી. ત્યારબાદ નવા ટ્રસ્ટીઓની નિમણૂંકની પ્રક્રિયા શરૂ થઈ હતી, જેમાં કુલ ૧૧ નામો સભા સમક્ષ વંચાણે લેવામાં આવ્યા હતા. આ દરમિયાન મેહુલભાઈ આહીરનું નામ યાદીમાંથી બાદ થઈ ગયું હોવાનો મુદ્દો ઉછળ્યો હતો. મેહુલભાઈએ પોતાનું નામ સભામાં નોંધાવવા રજૂઆત કરી હતી અને મુકેશભાઈ આહીરે પણ તેને ટેકો આપ્યો હતો. જો કે, પ્રક્રિયામાં તેમનું નામ આગળ ન લેવાતા વિવાદ સર્જાયો હતો.

તેના જવાબમાં ઉપસ્થિત સભાસદોએ હાથ ઊંચા કરીને રજૂ થયેલા ૧૧ નામોને બહુમતીથી સમર્થન આપ્યું હતું અને ઠરાવ પસાર કર્યો હતો. સભા બાદ મેહુલભાઈ આહીરે ભારે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "મારી બાદબાકી કરવામાં આવી છે જે અયોગ્ય છે, જેથી હું આ મામલે મદદનીશ ચેરીટી કમિશનર કોર્ટમાં જઈને ન્યાય મેળવીશ." બીજી તરફ, જીવાભાઈએ સ્પષ્ટ કર્યું હતું કે સભાસદોએ બહુમતીથી ૧૧ નામો પર મહોર લગાવી દીધી છે. મંડળના મંત્રી જયેશકુમાર એ. સોલંકી દ્વારા અગાઉ એજન્ડા નોટિસ પ્રસિદ્ધ કરાઈ હતી, જે મુજબ તમામ કાર્યવાહી પૂર્ણ કરાઈ હતી.





સંદીપ પરમાર
રામદેવજી યુવક મંડળ, માંડવી


જય પ્રજાપતિ, શિવ શક્તિ યુવક મંડળ, શનિપાર્ક સોસા., તરસાડી


વચમ, આશ્વી, જિષા અને તક્ષ, વ્યારા


વિશાખા પટેલ, કોરી ફળિયા, અબ્રામા, કામરેજ


ડો. રાજન દલાલ, બિલીમોરા


રાકેશ પટેલ, હિતેન પટેલ, સરોલી, ઓલપાડ


કર્તવ્ય નિનાદ પટેલ, પરીયા, સાયણ, ઓલપાડ


પ્રિયંકા જોશી, તિથલ રોડ, વલસાડ


દક્ષા મારૂ, કૃપા મારૂ, સેનટેરિયા મેરીગોલ્ડ, માસમાં ગામ, ઓલપાડ


ભવ્ય પટેલ, વાસણ નો રાજા, વલસાડ


યોગીતા અનિલ રાઠોડ, સરદાર વિલ્લા, બારડોલી


હર્ષિલ પટેલ, ભરૂચ


અલ્પેશ રમેશભાઈ પટેલ, નવસારી

# આરક-રણોદ્રા પાટિયા પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવકનું મોત

**પલસાણાથી** વેસ્મા તરફ જઈ રહેલા બે યુવકો અકસ્માતનો ભોગ બન્યા : એક ઘવાયો



નવસારી: નવસારી નજીક આવેલા આરક-રણોદ્રા પાટિયા પાસે ટ્રક અને મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક પાછળ બેઠેલો અન્ય યુવક ગંભીર રીતે ઘવાયો હતો. આ અકસ્માતના પગલે અફરાતફરી અને ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત જિલ્લાના સામરોડ ગામના રહેવાસી બે યુવકો પોતાની મોટરસાયકલ પર સવાર થઈને પલસાણાથી વેસ્મા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન તેઓ જ્યારે આરક-રણોદ્રા પાટિયા નજીક આવેલા ક્રોસિંગ પાસે પહોંચ્યા, ત્યારે નવસારી તરફથી પૂરઝડપે આવી રહેલી એક ટ્રક મુખ્ય માર્ગ પરથી સર્વિસ રોડ તરફ વળી રહી હતી. તે જ સમયે બાઈક અચાનક ટ્રકની નજીક આવી જતાં બંને વાહનો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બાઈકચાલક સાહીદ સાજીદ પઠાણને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલા મોહંમદ ઝેદ જાવીદ પટેલને ગંભીર ઈજાઓ થઈ હતી. બનાવની જાણ થતાં જ લોકોએ ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

બનાવની માહિતી મળતા જ વેસ્મા આઉટપોસ્ટના પીએસઆઈ એમ.એ. મોદી પોતાની પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે સ્થિતિ સંભાળીને ટ્રાફિકને પૂર્વવત કરાવ્યો હતો.

પોલીસે મૃતક યુવકના શબને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે. ટ્રક અને બાઈક વચ્ચે કયા સંજોગોમાં આ અકસ્માત સર્જાયો, વાહનોની ગતિ કેટલી હતી અને તેમાં કોની બેદરકારી હતી તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ધરમપુરમાં ભક્તિભાવપૂર્વક ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન


આસીફ શેખ

ધરમપુર : ધરમપુર પંથકમાં ગણેશ ઉત્સવના અંતિમ ચરણમાં નાની-મોટી ૨૦ થી ૨૫ જેટલી ગણેશ પ્રતિમાઓનું વાજતે-ગાજતે અને ભક્તિભાવપૂર્વક બામટી તથા આસુરા ગામની માન નદી ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું. નગરના ઓઝરપાડા, ધોબી ધોવાણ અને ખારવેલ નિશાળ ફળિયા સહિતના વિવિધ વિસ્તારોમાંથી 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે વિસર્જન યાત્રા પ્રસ્થાન થઈ હતી. આ યાત્રામાં યુવાનોએ અબીલ ગુલાલ ઉડાડી ઉત્સાહ દર્શાવ્યો હતો અને ત્રણ દરવાજા સર્કલ ખાતે ગરબાની રમઝટ બોલાવી હતી. યાત્રા ગાર્ડન રોડ, ત્રણ દરવાજા, કાનુરબરડા અને બામટી કોલેજ થઈને માન નદી પહોંચી હતી, જ્યાં વિધિપૂર્વક આરતી કરી બાપ્પાને વિદાય અપાઈ હતી. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડીવાયએસપી સંદીપ ટી.ના માર્ગદર્શન હેઠળ પીઆઈ નિખિલ ભોયા તથા પીએસઆઈ વસાવા દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### બીલીમોરા નવનાથધામમાં ગણેશ-ગૌરી વિસર્જન


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીક દેવસર ખાતે આવેલા ઐતિહાસિક નવનાથધામમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ગણેશ-ગૌરી વિસર્જન યાત્રા ભવ્ય ધાર્મિક માહોલ વચ્ચે યોજાઈ હતી. નવનાથધામ ખાતે છોટેદાદાના સાનિધ્યમાં ગણેશ મહોત્સવ દરમિયાન ભગવાન શ્રી ગણેશજીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. વિસર્જનના દિવસે સવારે ધાર્મિક વિધિ સાથે ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિને વિસર્જન યાત્રા માટે પ્રસ્થાન કરાવવામાં આવી હતી. પરંપરાગત નાશિક સિંહગર્જના ઢોલના તાલ સાથે નીકળેલી યાત્રામાં ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજમાર્ગો ઉપર અઘોરી તથા કાંતારાના આકર્ષક પર્ફોર્મન્સે ઉપસ્થિત જનમેદનીનું વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. યાત્રા દરમિયાન સ્થાનિક આગેવાનો, કાર્યકરો, તથા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. એક અનોખું ઉદાહરણ રૂપ દર વર્ષની જેમ સફાઈ ટુકડીએ સમગ્ર યાત્રા રૂટમાં સફાઈ કાર્ય દ્વારા યાત્રા રૂટને સ્વચ્છ રાખ્યો હતો. શોભાયાત્રા અંબિકા નદીના બંદર ઓવારે પહોંચી બંદર ઓવારે શ્રી ગણેશજીનું વિધિવત પૂજન અને આરતી કરી દુંદાળા દેવને ભાવભીની વિદાય આપી હતી.

### વાંસદાના રાણી ફળિયાના શ્રીરામ ગણેશ મંડળના 25 કન્યાઓએ કથામાં બેસી પૂજા કરી


નિલેશ કાપડીયા

વાંસદા : વાંસદાના રાણી ફળિયા ખાતે આવેલા શ્રીરામ ગણેશ મંડળ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી અંતર્ગત મંડળના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાણી ફળિયાની 25 કન્યાઓએ કથામાં બેસી ધાર્મિક વિધિ મુજબ પૂજા-અર્ચના કરી હતી. કન્યાઓ દ્વારા કરવામાં આવેલી પૂજાથી સમગ્ર સ્થળે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. મંડળના સભ્યો તેમજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### વાપી ડુંગરામાં ચપ્પુ બતાવી શાકભાજીવાળા પાસેથી રૂપિયા 1 હજાર કઢાવી લેવાયા

વાપી : વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ, વાપીના ડુંગરી ફળિયા, મિલ્લતનગરમાં રહેતા અને શાકભાજીની દુકાન ચલાવતા ઈરફાન અબ્બાસ અલી (ઉં.૨૭)ની દુકાને ગત ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તેમનો ઓળખીતો નવાબ રવાબ ખાન (રહે. કરવડ) આવ્યો હતો અને એક હજાર રૂપિયાની માંગણી કરી હતી. ઈરફાને રૂપિયા આપવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈને ચપ્પુ બતાવીને ધમકી આપી હતી કે, હું મર્ડરના કેસમાં જેલવાસ ભોગવી ચુકેલો છું અને તું મારા કેસમાં પંચમાં કેમ રહ્યો હતો? જો તું એક હજાર રૂપિયા નહીં આપે તો બે દિવસમાં તને જાનથી મારી નાખીશ. આ ધમકીથી ગભરાઈને ઈરફાને આરોપીને ૧ હજાર રૂપિયા આપી દીધા હતા. આ બનાવ અંગે ભોગ બનનાર ઈરફાન અલીએ વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




### આરક પારડી ખાતે આવેલ મિલકતની વેચાણ અંગેની જાહેર નોટીસ

હમારા અસીલ નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત (૧) હસમુખભાઈ ભીખાભાઈ પટેલ, (૨) પરિમલભાઈ ભીખાભાઈ પટેલ, બંને રહેવાસી : યુ.એસ.એ. નાઓની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળ ચાલી આવેલ મિલકત ખરીદ કરવા માંગે છે. સદર મિલકત અન્વયે કોઈપણ પ્રકારે કોઈપણ વ્યક્તિને લાગ-ભાગ, હક-હિસ્સો, દર-દાવો હોય તો લેખિત દસ્તાવેજી પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે રજી.એડી. દ્વારા હાલની નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં રજૂઆત કરવી. જો મુદ્દતસર તેમ કરવામાં કસુર થશે તો હમારા અસીલ સદર મિલકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરશે તે વેળા કોઈપણ વ્યક્તિની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ. જેની તમામ લાગતા વળગતાએ નોંધ લેવી.

**મિલકતનું વર્ણન**

નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે પારડી (આરક) મુકામે ચાલી આવેલ શોભાન ફળિયું-૦૧ માં આવેલ મિલકત નં.૮૬ તથા મકાન નં. ૭૫ વાળી મિલકત તમામ મિલકતોની પાછળ ચાલી આવેલ ખુલ્લી જગ્યા તથા કોઢારા વિસ્તાર વાળી મિલકત.

તારીખ: ૧૬-૦૯-૨૦૨૬
સ્થળ : નવસારી

SUDHIR SHARAD SULE

**SUDHIR SHARAD SULE**
(Advocate & Notary)
૧૦૨-ગોવિંદ ભુવન, સુળે કોમ્પલેક્ષ, સયાજી વૈભવ લાયબ્રેરી સામે, નવસારી
ફોન નં.૦૨૬૩૭-૨૫૯૪૪૩, મોબાઈલ નં.૯૮૨૫૦૯૦૯૫૦.